Date :- 15-07-2025
Divya Bhaskar, Page-01, Surat


સેન્સેક્સ 82253.46 -247.01
ડોલર 86.02 +0.22

| ગુજરાતમાં વરસાદની સ્થિતિ | | |
|---|---|---|
| અત્યાર સુધી | સામાન્ય | ઓછો/વધારે |
| 444 મીમી | 209 મીમી | +235 મીમી |

(ગત વર્ષે અત્યાર સુધીમાં 258 મીમી વરસાદ થયો હતો)

| સરદાર સરોવરનું જળસ્તર | | |
|---|---|---|
| કેટલો ભરાયેલો | પાણીનું સ્તર | ઇન ફ્લો |
| 51.26% | 119.34 મીટર | 37200 ક્યુસેક |

સાચી વાત બેધડક

# દિવ્ય ભાસ્કર

મધુરિમા
આજની પૂર્તિ

કુલ પાનાં : 18 + 12 (મધુરિમા) = 30
કિંમત ₹ 5.00, વર્ષ 22, અંક 110, મહાનગર

divyabhaskar.com સુરત, મંગળવાર, 15 જુલાઈ, 2025 ગુજરાત અષાઢ વદ - 5, વિક્રમ સંવત 2081 12 રાજ્ય | 61 સંસ્કરણ


### દેશમાં પ્રથમ વખત સુરતમાં પ્રયોગ; કુલ 672 ફ્લેટ, કોમર્શિયલ કોમ્પલેક્સ બનાવાશે

# મેટ્રો સ્ટેશન પર ફ્લેટ-દુકાનો બનશે; બે સ્ટેશન પર 7 માળના 2 ટાવર તૈયાર થશે

- પ્રોજેક્ટ પાછળ 123.36 કરોડ ખર્ચાશે, 1 ટાવરમાં 168 ફ્લેટ હશે

**ભાસ્કર BREAKING**

લવકુશ મિશ્રા | સુરત

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) એ દેશમાં પહેલીવાર આવો પ્રયોગ કર્યો છે, જેમાં મેટ્રો સ્ટેશનની ઉપર જ ઘરો અને દુકાનો બનાવવામાં આવશે. સુરત મેટ્રોની લાઇન-2 માં બની રહેલા એક્વેરિયમ અને મોડેલ ટાઉન મેટ્રો સ્ટેશનોની છત પર એફોર્ડેબલ હાઉસિંગ અને કોમર્શિયલ કોમ્પ્લેક્સ બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ પર ₹ 123.36 કરોડ ખર્ચવામાં આવશે અને તેને 24 મહિનામાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. GMRCએ તાજેતરમાં આ માટે ટેન્ડર બહાર પાડ્યું છે.

- **મુખ્ય ઉદ્દેશ્યો:** આ એક બહુસ્તરીય વિકાસ મોડેલ છે, જ્યાં નીચે એક્વેરિયમ મેટ્રો સ્ટેશન હશે, તેની ઉપર પોડિયમ ફ્લોર પર સુવિધાઓ હશે. તેની ઉપર EWS ફ્લેટ હશે. મેટ્રો સ્ટેશનની છતનો ઉપયોગ કરીને, સરકાર સસ્તા આવાસ અને શહેરી માળખાકીય વિકાસને જોડી રહી છે. આ શહેરી ગરીબોને સારા આવાસ પૂરા પાડશે અને જમીનનો શ્રેષ્ઠ ઉપયોગ પણ સુનિશ્ચિત કરશે.

## સ્માર્ટ સિટી અને સ્માર્ટ ટ્રાન્ઝિટથી સુરતનો વિકાસ ઝડપી બનશે

જ્યારે સ્માર્ટ સિટી મિશન હેઠળ ડિજિટલ, ગ્રીન અને ટકાઉ માળખા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે, ત્યારે સ્માર્ટ ટ્રાન્ઝિટ એટલે કે મેટ્રો, બસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (BRTS) ને TOD મોડેલ સાથે જોડવાથી શહેરનો વિકાસ વધુ ઝડપી બનશે. GMRCનું આ પગલું સુરતને દેશભરમાં TOD માટે રોલ મોડેલ બનાવશે જ નહીં પરંતુ ભવિષ્યની યોજનાઓ માટે દિશા પણ નક્કી કરશે.

### સુરતને એક નવો સીમાચિહ્ન મળશે

GMRCના આયોજન અને પ્રોજેક્ટ વિભાગના જણાવ્યા અનુસાર, 'આ પ્રોજેક્ટ સાથે, મેટ્રો સ્ટેશન ફક્ત પરિવહનનું સાધન બનશે નહીં, પરંતુ એક સંપૂર્ણ શહેરી કેન્દ્ર બનશે.' આ મોડેલ દેશના અન્ય શહેરો માટે એક ઉદાહરણ બની શકે છે. આ પ્રોજેક્ટ 'મેક ઇન ઈન્ડિયા' હેઠળ 'ક્લાસ-I સ્થાનિક સપ્લાયર્સ'ને પ્રાથમિકતા આપશે. લોકોને રોજગાર, સસ્તા ઘરો મળી રહેશે.

### સુરતમાં શું બદલાવ આવશે

- જો લોકો મેટ્રોની નજીક રહે છે, તો વાહનો પર નિર્ભરતા ઘટશે
- ટ્રાફિક ઘટશે, પ્રદૂષણ ઘટશે
- સ્થાનિક લોકોને રોજગાર અને પોસાય તેવા ઘરો મળશે
- સ્ટેશન વિસ્તારને શહેરી હબ તરીકે વિકસાવવામાં આવશે

### રહેઠાણના સ્થળેથી જ સીધી-સસ્તી પરિવહન સુવિધાઓ મળશે

*સુરત મેટ્રો પ્રોજેક્ટ હેઠળ આ દેશની પહેલી એવી યોજના છે. જેમાં આર્થિક રીતે નબળા વર્ગ (EWS) માટે મેટ્રો સ્ટેશનની ઉપર રહેઠાણ બનાવવામાં આવી રહ્યું છે. ઉપર ઘર અને નીચે મેટ્રો સ્ટેશન - આ અનોખી રચના માત્ર સમય બચાવશે નહીં પરંતુ દૈનિક ખર્ચમાં પણ ઘટાડો કરશે. એક્વેરિયમ સ્ટેશન પર આ દિશામાં કામ શરૂ થઈ ગયું છે અને સ્ટેશનનો પાયો વધુ મજબૂત બનાવવામાં આવી રહ્યો છે, જેથી તેની ઉપર બહુમાળી રહેણાંક બાંધકામ શક્ય બને.*

» **નરેન્દ્ર લોહિયા,** એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, સુરત મેટ્રો રેલ કોર્પોરેશન




### પાલ એક્વેરિયમ અને પરવટ પાટીયા મોડેલ ટાઉન સ્ટેશન પર EWS ટાવર સાથેની ડિઝાઇન તૈયાર

એક્વેરિયમ અને મોડેલ ટાઉન મેટ્રો સ્ટેશન પર EWS હોમ ટાવર્સ બનાવવામાં આવશે. બંને સ્ટેશનો પર બે-બે ટાવર બનાવાશે. દરેક ટાવરમાં 7 માળ હશે અને દરેક માળ પર 24 ફ્લેટ હશે. દરેક ફ્લેટની સાઇઝ 76.65 ચોરસ મીટરનો અને કાર્પેટ એરિયા 44.98 ચોરસ મીટર હશે. સીડી અને લોબી 345 ચો.મીની રહેશે. 7 માળ મળીને દરેક ટાવરમાં 6,125 ચો.મી. જગ્યા ફાળવવામાં આવશે. એક ટાવરમાં કુલ 168 ફ્લેટ બનાવવાની યોજના છે. લિફ્ટ એવી જગ્યાએ બનાવામાં આવશે કે લોકો ફ્લેટમાંથી સીધી મેટ્રો સ્ટેશને જ જઈ શકશે. આ ઉપરાંત કોઈને મેટ્રોમાં ન જવું હોય તો પાર્કિંગની પણ વ્યવસ્થા છે જ્યાંથી લોકો સીધા મેઈન રોડ થકી શહેરમાં જ્યાં જવું હોય ત્યાં જઈ શકશે.